સિનિયર સિટીઝનો અને અશક્ત દર્દીઓ માટે અલગ લાઇન ન હોવાથી વડીલોની હાલત દયનીય

# સયાજી હોસ્પિટલમાં ટોકન પ્રથા ફલોપ, દર્દીઓને ત્રણ-ત્રણ વાર લાઈનમાં ઊભા રહેવાનો વારો

**જો લાઈનમાં** જ ઊભા રહેવાનું છે, તો આ નવી સિસ્ટમનો ફાયદો શું ? - દર્દીઓનો રોષ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧
શહેરની સયાજી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા માટે કરવામાં આવેલી નવી ટોકન સિસ્ટમ હાલ દર્દીઓ માટે રાહતરૂપ સાબિત થવાને બદલે ભારે હાલાકીનું કારણ બની રહી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓની ભીડ નિયંત્રિત કરવા અને વ્યવસ્થા સુધારવાના દાવા સાથે આધુનિક પ્રથા શરૂ કરવામાં આવી હતી, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે.

નવી વ્યવસ્થા મુજબ દર્દીઓને રાહત મળવી જોઈતી હતી, પરંતુ તેનાથી વિપરીત દર્દીઓની મુશ્કેલીઓ બેવડાઈ ગઈ છે. હાલની સ્થિતિ એવી છે કે દર્દીઓએ હોસ્પિટલમાં એક જ કામ માટે ત્રણ-ત્રણ વખત લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે. જેમાં પ્રથમ લાઈન રજીસ્ટ્રેશન અને ટોકન મેળવવા માટે, બીજી લાઈન ડોક્ટરની તપાસ અર્થે બહાર કેબિનની બહાર રાહ જોવા માટે અને ત્રીજી લાઈન દવાઓ મેળવવાના કાઉન્ટર પર હોય છે. ટોકન લીધા પછી પણ કાઉન્ટર પર લાંબી કતારો યથાવત રહેતી હોવાથી દર્દીઓ અને તેમના સ્વજનો રોષે ભરાયા છે. દર્દીઓ સવાલ કરી રહ્યા છે કે, જો લાઈનમાં જ ઊભા રહેવાનું હોય તો આ નવી ડિજિટલ કે ટોકન વ્યવસ્થાનો આખરે ફાયદો શું ?

આ અરાજકતા વચ્ચે સૌથી વધુ મુશ્કેલી સિનિયર સિટીઝનો, વૃદ્ધો અને અશક્ત દર્દીઓને પડી રહી છે. હોસ્પિટલની આ નવી પ્રથામાં વડીલો માટે કોઈ જ અલગ કે વિશેષ વ્યવસ્થા ન હોવાને કારણે તેમને કલાકો સુધી ઊભા રહેવું પડે છે. કાળઝાળ ગરમી કે ભીડભાડ વચ્ચે વડીલોની તબિયત વધુ બગડવાના કિસ્સા પણ સામે આવી રહ્યા છે.

દર્દીઓ અને સામાજિક અગ્રણીઓ દ્વારા હોસ્પિટલ વહીવટી તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે, ટોકન સિસ્ટમની ખામીઓને તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે. સિનિયર સિટીઝનો, સગર્ભા સ્ત્રીઓ અને ગંભીર દર્દીઓ માટે અલગથી ખાસ પ્રાયોરિટી વિન્ડો શરૂ કરવામાં આવે અને કાઉન્ટર પર સ્ટાફની સંખ્યા વધારીને પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવે જેથી દર્દીઓને રાહ જોવી ન પડે. સયાજી હોસ્પિટલ તંત્ર આ બાબતે ગંભીર નોંધ લઈને વહેલી તકે યોગ્ય પગલાં ભરે તેવી લોક માંગ ઉઠી છે.

૫૧ ટીમોના ૫૦૦ ખેલાડીઓએ ભાગ લીધો

# નવરચના સ્કૂલ ખાતે CBSE ક્લસ્ટર-૧૩ ગર્લ્સ બાસ્કેટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

**ક્વીન** ઓફ બાસ્કેટબોલ શિબા મેગન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત



( પ્રતિનિધિ )વડોદરા,તા.21
વડોદરાના સમા વિસ્તારમાં આવેલ નવરચના હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે સીબીએસઈ ક્લસ્ટર બાસ્કેટબોલ ગર્લ્સ ટુર્નામેન્ટની 13મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ તા. 21 ઓગસ્ટથી 24 ઓગસ્ટ, 2026 દરમિયાન યોજાશે. જેમાં દેશભરમાંથી આવેલ 51 ટીમોની આશરે 500 જેટલી ખેલાડીઓ ભાગ લેશે.

ટુર્નામેન્ટની ઓપનિંગ સેરેમની યોજવામાં આવી હતી. આ પ્રસંગે ક્વીન ઓફ બાસ્કેટબોલ તરીકે જાણીતા નેશનલ ટીમના પૂર્વ કેપ્ટન અને કોચ શિબા મેગન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અને રમતગમતમાં વિશેષ રસ ધરાવતા અરુણ મહેશ બાબુ, ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શિબા મેગન આંતરરાષ્ટ્રીય રેફરી તેમજ હાલમાં સિનિયર નેશનલ મહિલા બાસ્કેટબોલ ટીમના કોચ છે. છેલ્લા 20 વર્ષ દરમિયાન તેઓ સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડી રહી છે અને છેલ્લી ચેમ્પિયનશિપમાં સરેરાશ 20 પોઈન્ટ નોંધાવ્યા હતા. વિવિધ મહત્વની ચેમ્પિયનશિપમાં તેમને અનેક વખત બેસ્ટ પ્લેયરનો એવોર્ડ મળ્યો છે. પીએનસી ઓલ ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં સતત ત્રણ વખત બેસ્ટ પ્લેયરનો એવોર્ડ જીતી તેમણે હેટ્રિક નોંધાવી હતી. તેઓ 2006માં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ટીમનો પણ હિસ્સો રહી ચૂક્યા છે. ખેલાડી તરીકે નિવૃત્તિ બાદ તેમણે 2010થી 2019 દરમિયાન નેશનલ ટીમના કોચ તરીકે જવાબદારી સંભાળી હતી. તેઓ પ્રથમ ભારતીય મહિલા છે જેમણે આંતરરાષ્ટ્રીય ફિબા સર્ટિફાઈડ રેફરી તરીકે સ્થાન મેળવ્યું હતું. તેઓ ઈન્ટરનેશનલ કોચ, પાર્ટ-ટાઈમ વોઈસ-ઓવર કોમેન્ટેટર પણ છે અને ભૂતકાળમાં ભારતમાં એનબીએ સાથે પણ કાર્ય કરી ચૂક્યા છે. આ ટુર્નામેન્ટમાં અંડર-14, અંડર-17 અને અંડર-19 વયજૂથની સ્પર્ધામાં ખેલાડીઓ કોર્ટ પર પોતાની અસાધારણ રમત પ્રતિભાનું પ્રદર્શન કરશે.

# વડોદરા શહેરમાં ૫૦૦થી વધુ શિક્ષણવિદોનો મહાસંગમ યોજાયો

**NEP-2020ના** અમલીકરણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે વિચારમંથન



(પ્રતિનિધિ) વડોદરા તા.21
સંસ્કારી નગરી વડોદરાની શિક્ષણ પરંપરામાં વધુ એક પ્રકરણ ઉમેરાયું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુથી BAPS સંચાલિત અટલાદરા સ્થિત પ્રમુખ એકેડેમી દ્વારા શાળાથી વિશ્વવિદ્યાલય સુધીના સંચાલકો, વ્યવસ્થાપક મંડળો અને આચાર્યોનો મહાસંગમ યોજાયો હતો.

'સર્વાંગી શિક્ષણ માટે એકજૂથ, વિકસિત ભારત માટે કટિબદ્ધ'ના વિચાર સાથે યજ્ઞપુરુષ સભાગૃહમાં યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગા, ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ અને મોટિવેશન વક્તા ડૉ. જ્ઞાન વત્સલ સ્વામી સહિત શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મહાનુભાવોના પ્રેરણાદાયી વક્તવ્યો બાદ પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું. તાજેતરમાં UPSC પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીએ પોતાની સફળતાની સફર પણ રજૂ કરી હતી. પ્રમુખ એકેડેમીના સંચાલક સંત પૂજ્ય જ્ઞાન વિજય સ્વામીએ એકેડેમીની ચાર વર્ષની સિદ્ધિઓની માહિતી આપી હતી. મહાસંગમમાં શહેર-જિલ્લાના 500થી વધુ શિક્ષણવિદો, વિવિધ યુનિવર્સિટીના ચાન્સેલર, ડીન, શાળા સંચાલકો અને શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ જોડાયા હતા. શિક્ષણની ગુણવત્તા, NEPના અમલીકરણ, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને વિકસિત ભારતના નિર્માણમાં શિક્ષણની ભૂમિકા અંગે વિચારવિમર્શ થયો હતો.

## માનવ સેવા અને વિશ્વ બંધુત્સવના સંદેશ સાથે કાલે રક્તદાન અભિયાન

( પ્રતિનિધિ) વડોદરા તા.21
શહેરમાં માનવ સેવા અને વિશ્વ બંધુત્વના સંદેશ સાથે 23 ઓગસ્ટે ભવ્ય રક્તદાન મહાઅભિયાન યોજાશે. બ્રહ્માકુમારીઝ અટલાદરા, એમ.એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સ અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે આ સેવા કાર્યક્રમનું આયોજન કરાયું છે. રાજયોગિની દાદી પ્રકાશમણિજીની પુણ્ય સ્મૃતિ નિમિત્તે સમાજ સેવા પ્રભાગ (RERF) દ્વારા આ મહાયજ્ઞ યોજાશે. 'જ્ઞાન પાન, યોગ ધ્યાન અને રક્ત દાન'ના ત્રિવેણી સંગમના સંદેશ સાથે યોજાનારા આ અભિયાનમાં રક્તદાનને માનવસેવાનું ઉત્તમ માધ્યમ ગણાવવામાં આવ્યું છે. આયુષ બ્લડ સેન્ટર અને 'સેવા સર્કલ' (યુથ ફોર સેવા) સહયોગી બન્યા છે. રક્તદાન શિબિર તા.23 ઓગસ્ટે સવારે 8થી બપોરે 1 સુધી બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર, અટલાદરા ખાતે યોજાશે. નાગરિકો અને યુવાનોને રક્તદાન માટે અપીલ કરાઈ છે. પૂર્વ રજિસ્ટ્રેશન તથા માહિતી માટે 97270 05678 અને 94273 14998 પર સંપર્ક કરી શકાશે.

સામાજીક કાર્યકર દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં તંત્રના આંખ આડા કાન

# વડોદરાના વાડી અને પાણીગેટ વિસ્તારમાં રખડતા કૂતરાઓનો ત્રાસ: સ્થાનિકો ત્રાહિમામ

**જમનાબાઈ** હોસ્પિટલમાં ઇન્જેક્શન ખૂટતાં દર્દીઓ SSG રીફર; પાલિકા યોગ્ય કાર્યવાહી નહીં કરે તો આંદોલનની ચીમકી

**વાડી,** મોટી વ્હોરવાડની સ્કૂલ પાસે જ અસંખ્ય કૂતરાઓનો અડીંગો



(પ્રતિનિધિ) વડોદરા તા.21
વડોદરા શહેરના વાડી, સ્વામી નારાયણ મંદિર પાછળ, હરણખાના રોડ, ગૌરવ સોસાયટી અને પાણીગેટ જેવા વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા કૂતરાઓનો ત્રાસ અત્યંત વધી ગયો છે, જેના કારણે સ્થાનિક રહીશો અને રાહદારીઓમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

મુસ્લિમ સોશ્યલ ગ્રુપના જનરલ સેક્રેટરી અને સામાજિક કાર્યકર સૈયદ અમીને જણાવ્યુ હતું કે, આ વિસ્તારોમાંથી પસાર થતા સ્વામી નારાયણ મંદિરના દર્શનાર્થીઓ, શાળાએથી આવતા-જતા વિદ્યાર્થીઓ, મધરેસામાંથી કુરઆન શરીફનું પાઠન કરીને પાછા ફરતા નાના ભૂલકાઓ તેમજ સામાન્ય રાહદારીઓ પર રખડતા કૂતરાઓનું મોટું ઝુંડ અચાનક હુમલો કરી બચકા ભરે છે. આવી હુમલાની ઘટનાઓ દિન-પ્રતિદિન ચિંતાજનક રીતે વધી રહી છે.

તેમણે વડોદરા મહાનગરપાલિકા પર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશનને આ અંગે વારંવાર લેખિત તથા મૌખિક જાણ કરવા છતાં કૂતરાઓને પકડવા માટે યોગ્ય કામગીરી કરવામાં આવતી નથી. તંત્ર દ્વારા ક્યારેક એક-બે કૂતરા પકડી જવામાં આવે છે, પરંતુ બીજે જ દિવસે પરિસ્થિતિ જેમના તેમ થઈ જાય છે.

બીજી તરફ, કૂતરા કરડવાના વધતા જતા કિસ્સાઓના લીધે સ્થાનિક જમનાબાઈ હોસ્પિટલમાં હડકવા વિરોધી ઈન્જેક્શનની અછત સર્જાઈ છે. પરિણામે, ઈજાગ્રસ્ત દર્દીઓને સારવાર માટે એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડી રહી છે. જો મ્યુનિસિપલ કોર્પોરેશન વહેલી તકે આ ગંભીર સમસ્યા પ્રત્યે ધ્યાન આપી કડક પગલાં નહીં લે, તો સ્થાનિક રહીશોને સાથે રાખીને ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ સામાજિક કાર્યકર દ્વારા આપવામાં આવી છે.

# ગુજરાતના વિકાસમાં યોગદાન આપતા ટોચના ૫૦ SMEsનું સન્માન



(પ્રતિનિધિ) વડોદરા તા.21
India SME Forum અને Axis Bank દ્વારા "Top 50 SME Gujarat 2026" પહેલ હેઠળ ગુજરાતના અસાધારણ પ્રદર્શન કરનારા 50 SMEsને સન્માનિત કરવામાં આવ્યા. આ ઉદ્યોગોએ નવીનતા, સ્થિરતા, રોજગાર સર્જન, બજાર વિસ્તરણ અને ભવિષ્યની વૃદ્ધિ ક્ષમતામાં નોંધપાત્ર કામગીરી દર્શાવી છે.

આ સન્માન માટે ગુજરાતના 32 ક્ષેત્રો અને 10 જિલ્લાઓમાંથી કુલ 1,498 ઉદ્યોગોએ ભાગ લીધો હતો. પ્રથમ તબક્કાની ડ્યુ ડિલિજન્સ બાદ 350 અને ત્યારબાદ 144 ઉદ્યોગો બીજા તબક્કામાં પહોંચ્યા. અંતે સ્વતંત્ર જ્યુરી દ્વારા બિઝનેસ પ્રદર્શન, નાણાકીય કામગીરી, નવીનતા, બજાર હાજરી, રોજગાર અને વૃદ્ધિ ક્ષમતાના આધારે ટોચના 50ની પસંદગી કરવામાં આવી.

પસંદ થયેલા SMEs 8 જિલ્લાઓ અને 32 ક્ષેત્રોમાં ફેલાયેલા છે. તેમાં મેન્યુફેક્ચરિંગ, એન્જિનિયરિંગ, ફાર્મા, કેમિકલ્સ, ટેક્સટાઈલ, IT, ઓટોમોટિવ, ફૂડ પ્રોસેસિંગ, EV ચાર્જિંગ, ડિફેન્સ, સાયબર સિક્યુરિટી, લોજિસ્ટિક્સ અને ટૂરિઝમ સહિત વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આ 50 ઉદ્યોગોનું સંયુક્ત ટર્નઓવર 2,865.47 કરોડથી વધુ છે અને તેઓ 11,000થી વધુ લોકોને રોજગાર આપે છે. ખાસ નોંધનીય છે કે પસંદ થયેલા 50માંથી 8 ઉદ્યોગો મહિલા સંચાલિત અથવા મહિલાઓ દ્વારા સ્થાપિત છે.

૨૦થી ૨૨ ઓગસ્ટ દરમિયાન હરિધામ સોખડા ખાતે પ્રશિક્ષણ વર્ગ યોજાયો

# ભાજપ વડોદરા મહાનગરનો ત્રણ દિવસીય પ્રશિક્ષણ વર્ગ યોજાયો

**સંગઠન,** વિચારધારા અને ડિજિટલ પ્લેટફોર્મના અસરકારક ઉપયોગ અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શન



(પ્રતિનિધિ) વડોદરા તા.21
ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન-2026 અંતર્ગત તા. 20થી 22 ઓગસ્ટ દરમિયાન હરિધામ સોખડા ખાતે ત્રણ દિવસીય પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો. "પ્રશિક્ષિત કાર્યકર્તા જ સશક્ત સંગઠનનો આધાર"ના સંદેશ સાથે કાર્યકર્તાઓને સંગઠન અને વિચારધારાના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી થયો હતો. પ્રથમ સત્રમાં પૂર્વ પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલે ભાજપની કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. શહેર ભાજપ પ્રમુખ ડૉ. જય પ્રકાશ સોની અને પૂર્વ પ્રદેશ મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ દિવસ દરમિયાન ભાજપની કાર્યપદ્ધતિ, વિચાર પરિવાર, મીડિયા અને બુથ પ્રબંધન, સૈદ્ધાંતિક અધિષ્ઠાન, પક્ષનો ઈતિહાસ તથા વિકાસ, સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના ઉપયોગ સહિતના વિષયો પર નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યકર્તાઓના વૈચારિક ઘડતર, વ્યક્તિ નિર્માણથી સંગઠન નિર્માણ અને સંગઠન નિર્માણથી રાષ્ટ્ર નિર્માણની ભાવનાને મજબૂત બનાવવા પર ભાર મૂકાયો હતો.

અંત્યોદયના ભાવ સાથે સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા તેમજ આધુનિક ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ કરવા અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. શહેર પ્રમુખ ડૉ. જય પ્રકાશ સોની, મેયર ગીતાબેન મકવાણા સહિતના હોદ્દેદારો અને વિવિધ મોરચા-વોર્ડના આગેવાનોએ પ્રશિક્ષાર્થી તરીકે ભાગ લીધો હતો.

## સપ્તાહ સુધી શહેરમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.21
વડોદરા શહેરમાં આજે મહત્તમ તાપમાન 32.0 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 27.4 ડિગ્રી નોંધાયું હતું. ભેજનું પ્રમાણ સવારે 76 ટકા અને સાંજે 67 ટકા રહ્યું હતું. આજે વરસાદ નોંધાયો નથી. જ્યારે મોસમનો કુલ વરસાદ 549 મી.મી. નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલ 7 દિવસની આગાહી મુજબ આગામી એક સપ્તાહ સુધી શહેરમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને હળવા વરસાદની શક્યતા છે. તા. 22 ઓગસ્ટે મહત્તમ 34 ડિગ્રી અને લઘુત્તમ 27 ડિગ્રી, તા. 23 અને 24 ઓગસ્ટે મહત્તમ 33 ડિગ્રી અને લઘુત્તમ 27 ડિગ્રી રહેવાની શક્યતા છે. તા. 25થી 27 ઓગસ્ટ દરમિયાન તાપમાનમાં થોડો ઘટાડો થઈ મહત્તમ તાપમાન 31થી 33 ડિગ્રીની આસપાસ રહેશે. જ્યારે, આગામી એક સપ્તાહ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

# 'વડોદરા ટુ ધ વર્લ્ડ' : એક્ઝિમ કોન્ક્લેવમાં વૈશ્વિક વેપારની તકો પર મંથન



(પ્રતિનિધિ) વડોદરા તા.21
એક્સપોર્ટ-ઈમ્પોર્ટને વેગ આપવા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA)ના Centre for International Trade દ્વારા FGI, BMA અને QCIના સહયોગથી વડોદરામાં બે દિવસીય ODOP પ્રદર્શન અને 'એક્ઝિમ કોન્ક્લેવ 2026'નું આયોજન કરાયું છે. 'વડોદરા ટુ ધ વર્લ્ડ: એન્જિનિયરિંગ પ્રોસ્પરિટી, અનલોકિંગ ગ્લોબલ ટ્રેડ કોરિડોર્સ' થીમ સાથે 22 ઓગસ્ટે FGI બિઝનેસ સેન્ટર ખાતે કોન્ક્લેવ યોજાશે.

મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશબાબુ 'Positioning Gujarat as a Global Engineering Hub' વિષય પર મુખ્ય વક્તવ્ય આપશે, જ્યારે જોઈન્ટ DGFT અનુપમ કુમાર 'ગુજરાત એક્સપોર્ટ વિઝન ફોર 2047' અંગે ઉદ્ઘાટન પ્રવચન આપશે. કોન્ક્લેવમાં એન્જિનિયરિંગ-કેમિકલ ક્લસ્ટર્સને વૈશ્વિક બજાર સાથે જોડવા, NABL એક્રેડિટેશન, FTA, MSME માટે વેપારની તકો તથા ઈ-કોમર્સ, ડિજિટલ માર્કેટપ્લેસ અને AIથી નિકાસ વધારવા અંગે ચર્ચા થશે. ODOP પ્રદર્શનમાં ગુજરાતના 33 જિલ્લાની સ્થાનિક વિશેષતાઓ રજૂ કરાઈ છે. પાટણના પટોળા, કચ્છનું હસ્તભરતકામ, બનાસકાંઠાનું જીરું અને અમરેલીની મગફળી સહિતની ચીજોને વૈશ્વિક બજાર સુધી પહોંચાડવા ભાર મૂકાયો છે.

## ડભાસા દેવાશીસ કંપનીમાંથી ચોરાયેલા રૂ.૨૩ હજારની કોપર કેબલ સાથે બે ઝડપાયા

**પાદરા :** પાદરા તાલુકાના ડભાસા ગામની સીમમાં આવેલી દેવાશીસ પ્રાઈવેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીમાંથી ચોરાયેલી વેલ્ડીંગ કોપર કેબલનો ભેદ પાદરા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી બે શખ્સોને ઝડપી પાડ્યા છે. 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત પોલીસે બાતમીના આધારે પરણામી અગરબત્તીની પાછળ વોચ ગોઠવી હતી. દરમિયાન મીણિયા થેલીમાં કોપર કેબલ લઈને આવેલા અજયકુમાર પરમાર અને ચિરાગ ગોહિલને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રૂ.23 હજારની ચોરાયેલી કેબલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ-૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૨૩/૦૪/૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. રાજેશભાઈ પ્રતાપસિંહ રાઠોડ ૨. સીતાબેન રાઠોડ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૬,૦૨,૬૦૭.૩૫/- (અંકે રૂપિયા છ લાખ બે હજાર છસો સાત અને પાત્રીસ પૈસા પુરા) તા.૨૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૯મી ઓગષ્ટ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૬,૦૨,૬૦૭.૩૫/- (અંકે રૂપિયા છ લાખ બે હજાર છસો સાત અને પાત્રીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ગ્રામ પંચાયત મિલકત નં.૩૯૧, ઘર નં.૭૦, વેચાણપત્ર મુજબ જમીન નો એરિયા ૬૨.૪૩ ચો.મી (૬૭૨ ચો.ફુટ), ગામ: દારકુંડી, પોસ્ટ: લટવા, તાલુકા: દેસર, જી. વડોદરા, ગુજરાત-૩૯૧૫૩૦ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** રોડ, **પશ્ચિમ તરફ :** વિક્રમભાઈ નું ઘર , **ઉત્તર તરફ :** મોહનભાઈની ખેતીલાયક જમીન, **દક્ષિણ તરફ :** જગદિશભાઈ નું ઘર આવેલ છે.

સહિ/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ.
અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૧૯/૦૮/૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૧૩૫૨૧૪૪૮૩


ભરૂચ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન દરમિયાન સપાટો

# સિટી સેન્ટર પાછળ વર્ષો જૂનો કચરાનો ઢગલો ઝડપાયો, પાલિકાએ દંડ ફટકાર્યો



(પ્રતિનિધિ) ભરૂચ, તા. 21
ભરૂચ નગરપાલિકાના સ્વચ્છતા અભિયાન દરમિયાન વોર્ડ નં. 8 આવેલા સિટી સેન્ટરની પાછળથી વર્ષો જૂનો કચરાનો મોટો ઢગલો શોધી કાઢવામાં આવ્યો છે. પાલિકા દ્વારા દરરોજ બે વખત ડોર-ટુ-ડોર કચરો કલેક્શન કરવામાં આવતું હોવા છતાં વેપારીઓ અને સંચાલકો ખુલ્લામાં કચરો ફેંકી ગંદકી ફેલાવતા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પાલિકા તંત્રે આ બેદરકારી બદલ સંચાલકોને 2,000નો દંડ ઠોકી 12 કલાકમાં કચરો હટાવવાનો આદેશ આપ્યો છે.

મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલ અને સેનેટરી ઈન્સ્પેક્ટર ભૂમિ સેવક સહિતની ટીમે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે સિટી સેન્ટરના વેપારીઓ કચરો યોગ્ય સ્થળે ફેંકવાને બદલે પાછળના ભાગે ખુલ્લામાં નાખી રહ્યા હતા. આ ઢગલાને કારણે રખડતાં પશુઓ પણ ત્યાં એકઠાં થઈને ગંદકીમાં વધારો કરતાં હતાં.

સેનેટરી ઈન્સ્પેક્ટરે જણાવ્યું કે, પાલિકા દ્વારા દિવસમાં બે વખત ડોર-ટુ-ડોર ગાડીઓ મોકલવામાં આવે છે અને ફરિયાદ મળતાં ત્વરિત કાર્યવાહી કરાય છે. તંત્રે તમામ વેપારીઓ અને શહેરીજનોને જાહેર માર્ગો કે ખુલ્લી જગ્યામાં કચરો ન ફેંકવા અપીલ કરી છે. શહેરને સ્વચ્છ રાખવા માટે ફક્ત કચરાની ગાડીઓમાં જ કચરો આપી તંત્રને સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજ્યના તબીબી શિક્ષકો માટે છ દિવસીય રિસર્ચ મેન્ટરશીપ વર્કશોપ યોજાયો

# GMERS ગોત્રીને 'એડવાન્સ રિસર્ચ કેપેસિટી બિલ્ડીંગ સેન્ટર'નો દરજ્જો

**ગુણવત્તાસભર** સંશોધનને પ્રોત્સાહન, પ્રોજેક્ટ દીઠ રૂ.10 લાખ સુધીની સરકારી સહાય



(પ્રતિનિધિ) વડોદરા તા.21
ગુજરાત સરકારના સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટર દ્વારા ગોત્રી સ્થિત GMERS મેડિકલ કોલેજને 'એડવાન્સ રિસર્ચ કેપેસિટી બિલ્ડીંગ સેન્ટર' તરીકે પસંદ કરવામાં આવી છે. આ અંતર્ગત રાજ્યના તબીબી શિક્ષકો માટે વિશેષ રિસર્ચ મેન્ટરશીપ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ આરોગ્ય ક્ષેત્રે ગુણવત્તાસભર સંશોધનને પ્રોત્સાહન આપી જાહેર આરોગ્યના સૂચકાંકોમાં સુધારો કરવાનો છે.

ગુજરાત સરકાર દ્વારા આરોગ્યલક્ષી સંશોધન પ્રોજેક્ટ માટે પ્રોજેક્ટ દીઠ રૂ.10 લાખ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. સ્થાનિક દર્દીઓ અને આરોગ્ય વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને સંશોધનના ચોક્કસ તારણો મેળવવા આ સહાય ઉપયોગી બનશે. આ કાર્યક્રમ 12થી 18 મહિના સુધી ચાલશે. પ્રથમ તબક્કામાં ગોત્રી મેડિકલ કોલેજ ખાતે છ દિવસીય ઈન્ટેન્સિવ ટ્રેનિંગ યોજાયું હતું, જેમાં રાજ્યની સરકારી મેડિકલ કોલેજોના આશરે 20 પ્રોફેસરોએ ભાગ લીધો હતો.

ગોત્રી મેડિકલ કોલેજના 10 જેટલા નિષ્ણાત પ્રોફેસરો મેન્ટર તરીકે માર્ગદર્શન આપી રહ્યા છે. ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડો. મોહિત મકવાણાએ જણાવ્યું હતું કે મેન્ટરશીપ હેઠળ સ્તન કેન્સરના વહેલા નિદાન માટે AI આધારિત ડિવાઈસ પર સંશોધન ચાલી રહ્યું છે.

આ સંશોધન પ્રોજેક્ટ્સ હોસ્પિટલથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સુધીની સેવાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં કામ કરશે. ઈન્સ્ટિટ્યૂટશનલ રિસર્ચ કમિટીના મેમ્બર સેક્રેટરી ડો. પરાગ ચાવડાએ કાર્યક્રમને તબીબી સંશોધન ક્ષેત્રે ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું.


**ઓન લાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા - ૧૧ સને : ૨૦૨૬ - ૨૯**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ. પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી એક મેજર પુલના કામ માટે ઓન લાઈન ટેન્ડર એસબીડી ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજિત કિંમત રૂા. ૧૩૮૬.૯૩ લાખ સુધીની છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnbtender.nprocure.com પર તા. ૨૪.૦૯.૨૬, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા. ૨૪.૦૯.૨૬, ૧૮:૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓન લાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટસ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૨૪.૦૯.૨૬ થી તા. ૧.૧૦.૨૬ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમિયાન સંપર્ક સાધવા વિનંતી.
(માહિતી/ગોધરા/૪૨૩/૨૬)